### મહામાનવ અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતીની વર્ષભર ઉજવણી કરાશે

# પરબ્રહ્મના સાક્ષાત્કારી અરવિંદ ઘોષના જીવનમાં વડોદરાનું મહત્વ

**અરવિંદ ઘોષ MSU માં ફ્રેંચના લેક્ચરર, પછી ૧૮૯૮માં વાઈસ પ્રિન્સિપાલ અને હંગામી પ્રિન્સિપાલના પદે રહ્યા હતા**

**સંદેશ**



હિસ્ટરી
શ્યામ ખરાડે

આઝાદી પ્રાપ્ત કરવા માટે તન, મન, ધનથી સંઘર્ષ કરનારા ક્રાંતિકારી, રાષ્ટ્રવાદી, પ્રખર દેશભક્ત, ફિલોસોફર, યોગી, કવિ અને દૂરદૃષ્ટા એવા મહામાનવ અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિની વર્ષભર માટેની ઉજવણી યોગાનુયોગે તેમનો તપોભૂમી પંડુરીના ઓરોવિલાથી શરૂ કરાઈ છે. અરવિંદના જીવનમાં વડોદરાનું ખૂબ જ મહત્વ છે. તેઓ ૧૪ વર્ષ ઈંગ્લેન્ડમાં ભણ્યા. ત્યાં તેઓ વડોદરાના મહારાજા સયાજીરાવના સંપર્કમાં આવ્યા અને વડોદરા રાજ્યની નોકરીમાં નિમણૂક પામ્યા. આ નિમણૂક સ્વીકારવા માટે માત્ર ૨૧ વર્ષની ઉંમરે તા. ૮-૨-૧૮૮૯ના રોજ મુંબઈના એપોલો બંદરે તેઓ ઉતર્યા. પોતાના દેશના ધર્મ અને ધર્મશાસ્ત્રો માટે તેમનામાં અજ્ઞાનતાભરી હતી. તેઓ લગભગ નાસ્તિક હતા.

ગાયકવાડી રાજ્યમાં અરવિંદને પ્રથમ સેટલમેન્ટ ડિપા.માં કામ સોંપાયું. ત્યાંથી તેઓ સ્ટેમ્પ અને રેવન્યુ ખાતામાં ગયા. ત્યાંથી વળી સેક્રેટરી પદમાં મુસદ્દાઓ ઘડવા માટે મોકલવામાં આવ્યા. ત્યાં તેઓ મહારાજાના અગત્યના ભાષણો, દસ્તાવેજો અને રિપોર્ટ લખતાં. મહારાજાની કાશ્મીર યાત્રા દરમિયાન માત્ર એક જ વાર તેમણે પર્સનલ સેક્રેટરીનું કામ કર્યું. તેમની યોગ્યતા જોઈને મહારાજે તેમને વડોદરા કોલેજમાં ફ્રેંચના લેક્ચરર તરીકે અને પછીથી ૧૮૯૮માં અંગ્રેજીના પ્રોફેસર તરીકે નિમ્યા હતા. દરમિયાન અરવિંદ વડોદરા કોલેજના વાઈસ પ્રિન્સિપાલ બન્યા હતા. અને છેલ્લે હંગામી પ્રિન્સિપાલના પદે પણ રહ્યા હતા. સયાજીરાવે મહારાજે છેલ્લે તેમને જે બંગલામાં તેમના મિત્ર ખાસેરાવ જાધવ રહેતા હતા તે બંગલા નં.૧૫ રહેવા માટે આપ્યો. આ બંગલો એટલે આજનું અરવિંદ નિવાસ. જેમની ૭૫મી વર્ષગાંઠે દેશને આઝાદી મળી એવા અરવિંદને તેમની ૧૫૦મી જયંતિ નિમિત્તે કોટી કોટી વંદના.

## શહેરમાં આવેલા અરવિંદ નિવાસથી જ મહર્ષિ અરવિંદે દેશની સ્વતંત્રતાનું સ્વપ્ન જોયું હતું



શહેરમાં આવેલા અરવિંદ નિવાસથી જ અરવિંદે દેશની સ્વતંત્રતાના સ્વપ્ન જોયા હતા. તેમણે ત્રણ વાર પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો. અંગ્રેજોએ બંગાળના ભાગલા કરવાનો નિર્ણય લીધો એટલે ત્યાની રાજકીય લડતમાં ભાગ લેવા માટે અરવિંદે જૂન ૧૯૦૬માં વડોદરા છોડ્યું. અને ૧૯૦૮માં સુરત કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લઇને ટૂંક સમય માટે વડોદરા પાછા આવ્યા હતા. અરવિંદ રામાયણને વિશ્વનું અજોડ કાવ્ય માનતા અને તેના રચિયતા વાલ્મીકીજીને સર્વશ્રેષ્ઠ કવિ કહેતા. જેમના માટે તેઓ ભારે અહોભાવ ધરાવતા હતા. એવા મહારાજા સયાજીરાવ માટે તેઓ કહેતા : આ મહારાજા તો એક માટું સામ્રાજ્ય ચલાવી શકે તેટલા કાબેલ છે.